### વિશ્વ ફાર્માસિસ્ટ ડેની ઉજવણી પ્રસંગે

# સરસ્વતી ફાર્મા ઈન્સ્ટીટ્યુટ ખાતે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૬

દર વર્ષેની જેમ આ વર્ષે પણ સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ દ્વારા વિશ્વ ફાર્માસિસ્ટ ડેની ઉજવણીના ભાગ રૂપે રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો. સેમિનારનો વિષય " ROLE OF PHARMACIST : HEALTHCARE SYSTEM” નિયત કરાયો હતો.

આ સેમિનારમાં રાજ્યની ૧૫ જેટલી ફાર્મસી કોલેજના ૩૮૦ જેટલા વિદ્યાર્થીઓ તથા શિક્ષકાએ ભાગ લીધો હતો. સેમિનારમાં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ફાર્માડિકશન (વકૃત્વ સ્પર્ધા), ફાર્મા કેનવાસ (ચિત્ર સ્પર્ધા/ફાર્મા ટુન્સ) અને પિક ધ ગ્રીડ (ફાર્મા ક્રોસવર્ડ)નું આયોજન કરાયું હતું. જેમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સેમિનારના ઉદ્‌ઘાટન સમારોહમાં ડો. સંજીવ આચાર્ય (પ્રિન્સિપાલ, સાયન્ટીફીક ઓફિસર, ગુજકોસ્ટ, ગાંધીનગર) અને નિપુલ કાપડિયા ( હેડ, ફાર્મસી વિભાગ, અપોલો હોસ્પિટલ, ગાંધીનગર)એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સમાજદ્‌માં આરોગ્ય અંગેની જાગૃતિ ફેલાય એ માટે વિવિધ પ્રવૃતિઓ અને ફાર્મસીસ્ટનું આરોગ્ય વિભાગમાં મહત્વ સમજાવી માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારના સમાપન સમારોહમાં ડો. રાગીન શાહ (પ્રિન્સિપાલ, અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી)એ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવી તેમને સમાજ ઉપયોગી કાર્યમાં વાપરવા માટે ઉત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓએ વિષય સંબંધિત ઉત્તમ પોસ્ટર તૈયાર કર્યા હતા અને આ પોસ્ટરોનું મૂલ્યાંકન નિરીક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં ફાર્માસિસ્ટની ભૂમિકા વિદ્યાર્થીઓ દ્વારા સમજાવવામાં આવી હતી.

### રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધી જયંતિની ઉજવણી નિમિત્તે

# સાદરા ગામની સફાઈ કરવામાં આવી






ગાંધીનગર, તા. ૬

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધી જયંતિ ઉજવણી તરીકે સાદરા ગામની સમૂહ સફાઈ કરવામાં આવી સાથે સાથે અન્ય વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ગાંધીજીની પ્રિય પ્રવૃત્તિ પ્રભાતફેરી દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના બધા જ વિદ્યાર્થીઓ દ્વારા પરિસરની સમૂહ સફાઈ કરવામાં આવી હતી અને બધા જ બગીચાની સંભાળ પણ લેવામાં આવી હતી. પ્રાર્થના ખંડમાં ગાંધીજીના ફોટા સામે દીપ પ્રજ્જવલિત કરવાનું કાર્ય ડો. ઉદાજી પરમાર, રમેશભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, વિરમભાઈ રબારી અને પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાર્થનામાં ગાંધીજીના પ્રિય ભજનોનું ગીત ગુંજન સંસ્થાની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું, ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોનાં વાચનની કામગીરી હર્ષ મહેતા દ્વારા કરવામાં આવી હતી. ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ આ પ્રસંગે ગાંધીજી વિષયે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

પ્લાસ્ટિક મુક્ત ભારતના અભિયાનને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય સેવા યોજનાના અંદાજીત ૧૦૦ સ્વયંસેવકો દ્વારા એક મોટી રેલીનું આયોજન સાદરા ગામમાં ‘‘પ્લાસ્ટિક મુક્ત સાદરા’’ નામે કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ સફાઈનું આયોજન પણ સાદરા ગામમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય સહાયક તરીકેની ભૂમિકા ડો. અરવિંદભાઈ રામીએ નિભાવી હતી. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજ ખાતે ગાંધીજયંતી નિમિત્તે ‘ફિટ ઈન્ડિયા પ્લોગીંગ રન’નું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિનીઓ સાથે આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ પણ આ દોડમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ કૉલેજ અને આસપાસના વિસ્તારોમાંથી કચરો એકત્ર કરીને સફાઈ માટેની આવશ્યક ફરજ અદા કરી હતી. તેમણે સૂત્રોચ્ચારના માધ્યમથી સ્વચ્છતા અંગે જાગૃતિ માટે પણ પ્રયાસ કર્યો હતો.

## જન્મદિને વધામણી



**જતિન ઓઝા**
મો. ૯૪૨૬૪ ૬૪૬૧૦



**ભૂપેન્દ્ર ડી શાહ**
મો. ૯૪૨૮૮ ૦૭૬૭૦



**શ્રેયસ પ્રવીણભાઈ શાહ**



**સંધ્યા વિનોદભાઈ પરમાર**



**શુભમ સોલંકી**
મો. ૭૮૦૧૮ ૫૨૨૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# રેડિયન્ટ સ્કૂલ દ્વારા નવરાત્રીની શાનદાર ઉજવણી





સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ દ્વારા થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે નવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના તમા વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્ટાફ, મેનેજમેન્ટ સભ્યો, પરિવારજનો ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ આ ઉજવણીમાં જોડાયા હતા. ગાયક કલાકાર યશ બારોટ અને તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા ગરબાના તાલે સૌ મનમૂકીને ઝૂમ્યા હતા. શ્રેષ્ઠ પરફોર્મન્સ માટે વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયાર અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્ટાફને પર્વની શુભકામનાઓ પાઠવી વિજેતા વિદ્યાર્થીઓ અને વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા તથા ભાટાઈમાં કુલ ૬ ગામોનાં ૧૨૨ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને સેવમમરાના બે-બે પૅકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે બારીયા પ્રાથમિક શાળાના ૧૮૦ વિદ્યાર્થીઓ અને રાહેલબા વૃદ્ધાશ્રમના ૫૦ વડિલોને સેવમમરાના પૅકેટ્સ ભેટ ધરવામાં આવ્યાં હતાં. સંસ્થા તરફથી પ્રણવ જોષીપુરા, દિપક શાહ, અમૃતભાઈ, ડૉ. અતુલભાઈ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

## શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં યોજાઈ જીકેઆઈક્યૂ પરીક્ષા



### ૨૪૫ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગરના ઉપક્રમે સામાન્ય જ્ઞાન આઈક્યૂ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૫થી ૮ના ૨૪૫ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો. પરીક્ષા કાર્યક્રમનું આયોજન-સંચાલન આશાબેન મહેતા અને દિપમાલા પાર્થસારથી દ્વારા કરવામાં આવ્યું હતું.

# હરે કૃષ્ણ મંદિર ભાડજ દ્વારા મંગળવારે દશેરાની ઉજવણી



### ૫૦ હજાર કરતાં વધુ ભાવિકો ઉત્સવમાં ભાગ લેશે : રામ દરબાર, સ્વર્ણ રથ, રામલીલા અને રાવણ દહન કરાશે

ગાંધીનગર, તા. ૬

હરે કૃષ્ણ મંદિર, ભાડજ કે જેણે ભક્તોમાં તેના અસ્તિત્વના ૪ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં અતિશય લોકપ્રિયતા મેળવી છે, તેઓ દ્વારા ૦૮ ઓક્ટોમ્બરના રોજ દશેરા મહોત્સવ માટે ખાસ ઉજવણી કરવામાં આવશે.

આ દિવસે, ભક્તો માટે મંદિરમાં ઉત્કૃષ્ટ ફુલોની સુશોભન સાથેના વિશેષ રામ દરબારની સ્થાપના કરવામાં આવશે. સાંજે ૬:૩૦ વાગ્યે મંદિરના દેવતાઓ માટે એક વિશેષ સ્વર્ણ રથની સવારી સાથે ઉજવણી શરૂ થશે. આ પછી જે. જી. ગ્રુપ ઓફ પર્ફોર્મિંગ આટ્‌ર્સના વિદ્યાર્થીઓ દ્વારા રામલીલા વિષયવસ્તુ પર નૃત્યની રજૂઆત કરવામાં આવશે. સમી સાંજે ૬૦ ફુટ જેટલા ઉંચા દશ માથાવાળા રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના વિશાળ પૂતળાનું ફટાકડા સાથે દહન કરવામાં આવશે જે અસત્ય પર સત્યની જીત દર્શાવે છે. આ મહાકાય પૂતળાનું નિર્માણ ઉત્તરપ્રદેશના ખાસ આવડત ધરાવતા કારીગરો દ્વારા કરવામાં આવી રહ્યું છે જેનુ પ્લાનિંગ છેલ્લા એક મહિનાથી થઈ રહ્યું છે.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ એ ફકત ભગવાન શ્રી કૃષ્ણની ભક્તિ કરવા માટેનું કેન્દ્ર નથી પણ એક સજાગ કેન્દ્ર છે જે સમાજને આધ્યાત્મિક, ધર્મ, શિક્ષણ, સંસ્કૃતિ અને દાનવૃત્તિ ક્ષેત્રોમાં બહુવિધ લાભો પ્રદાન કરે છે. ઉત્સવના આખા દિવસ દરમ્યાન ભગવાન શ્રી રામસીતાનું ગુણગાન ગાતા ભજન અને કિર્તન ગાવવામાં આવશે અને મંદિરની મુલાકાત લેનાર હરકોઈ દર્શાનાર્થીને પ્રસાદનો લાભ પણ મળશે.

# યુનિક યુ સ્કૂલમાં ‘ફિલ્મોંવાલા ક્લાસ’



યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે મિહિર પાઠક દ્વારા એક અનોખો વર્કશૉપ યોજવામાં આવ્યો હતો, જેને શિર્ષક આપવામાં આવ્યું હતું, ‘ફિલ્મોંવાલા ક્લાસ’. સર્જનાત્મક રીતે વિચારવું, કમ્યુનિકેશન અને પ્રોબ્લેમ સોલ્વિંગ જેવી ૨૧મી સદીની સ્કિલ્સ વિષયે કામ કરવાનો તથા સોશિયો ઈમોશનલ લર્નિંગનો પ્રયાસ આ વર્કશૉપના માધ્યમથી કરવામાં આવ્યો હતો.



મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ દ્વારા ગાંધીજયંતી નિમિત્તે વિદ્યાર્થી ઈકબાલ મનસુરી દ્વારા સ્વરચિત કાવ્યનું ગાન, કિંજલ પરમાર દ્વારા પ્લાસ્ટિક મુક્ત ભારત વિષયે વક્તવ્ય અને આચાર્ય એલ વી રાતડિયા દ્વારા ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા કલેક્ટર કચેરી સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.